# હવે શાળા-કોલેજોમાં ધાર્મિક શિક્ષણની જરૂર છે

આદિકાળથી માનવ જીવનમાં ધર્મનું સ્થાન મહત્ત્વનું રહયું છે. આજના વૈજ્ઞાનિક યુગમાં પણ ધર્મે તેનું સ્થાન જાળવી રાખ્યું છે. ત્યારે સ્વાભાવિક છે કે માનવીના વિકાસના અગત્યના પરિબળ એવા શિક્ષણ પર તેની અસર વર્તાય જ. પ્રાચીન સમયથી શિક્ષણ અને ધર્મ એકબીજા સાથે સંકળાયેલા રહ્યાં છે. પ્રાચીન ભારતમાં શિક્ષણ પૂર્ણરૂપે ધર્મ પર આધારિત હતું. તે સમયનું વૈદિક શિક્ષણ, બ્રાહ્મણીય શિક્ષણ, બૌદ્ધ સમયનું શિક્ષણ વગેરે ધર્મ પર આધારિત હતું. શિક્ષણના અભ્યાસક્રમમાં ધર્મોનાગ્રંથોનો અભ્યાસ ફરજિયાત હતો. મધ્યયુગમાં ભારતીય શિક્ષણનો વિકાસ મુસ્લિમ શાસકોના આધિપત્ય નીચે થયો હતો. તે સમયે મુસ્લિમ ધર્મ અને સંસ્કૃતિનો પ્રચાર જ શિક્ષણનું ધ્યેય હતું. પ્રાચીન યુરોપમાં શિક્ષણ મઠોમાં તથા ચર્ચમાં પાદરી દ્વારા આપવામાં આવતું હતું. જેમાં બાયબલનું શિક્ષણ અપાતું. ઓસ્ટ્રેલિયામાં પણ પ્રોટેસ્ટન્ટ ધર્મ અને રોમન કેથોલિક ધર્મની પ્રજાએ બાળકોના ધાર્મિક શિક્ષણમાં ઊંડો રસ દાખવ્યો હતો. ગ્રેટબ્રિટનમાં ૧૯૫જમા બટલર કાયદા પ્રમાણે ધાર્મિક શિક્ષણની શાળાઓને છૂટ હતી. આરન-ઈજિપ્ત જેવા દેશોમાં ધાર્મિક શિક્ષણને અભ્યાસક્રમમાં અન્ય વિષયોથી ઊંચું સ્થાન આપવામાં આવ્યું હતું.

સાંસ્કૃતિક વૈવિધ્ય ધરાવતા ભારત દેશમાં ધાર્મિક શિક્ષણ નિરંતર ચર્ચાસ્પદ મુદ્દો રહ્યો છે. ત્યારે આજના સમય અને અને આજની પરિસ્થિતિ જેમ કે, લૂટફાટ, ખૂનખરાબા, ચોરી, છેતરપિંડી, અત્યાચાર, મારામારી, સચ્ચાઇના બદલે જૂઠનો આશરો લઇને પોતાનું લક્ષ્ય સાધવાની વૃત્તિ વગેરેને ધ્યાને લેતાં શું આજે શાળા-કોલેજમાં ધાર્મિક શિક્ષણ આપવું જોઇએ? તેનો જવાબ વિચારીએ તે પહેલાં આજના સમયમાં ધાર્મિક શિક્ષણ એટલે શું તેનો વિચાર કરીએ. કારણ કે સમય જેમ બદલાય છે તેમ ચિંતન, સંકલ્પનાઓ અને જરૂરિયાતો પણ બદલાય છે.

આજના સમયમાં દાર્મિક શિક્ષણ એટલે કોઇ ધર્મ કે સંપ્રદાયનું શિક્ષન નહીં, પણ નૈતિક મૂલ્યોનું શિક્ષણ. દરેક વ્યક્તિને સીધી સલાહ આપવામાં આવે તો તે સરળતાથી સ્વીકારવા તૈયાર નથી. પણ જો તેને જે ધર્મમાં આસ્થા, વિશ્વાસ, શ્રદ્ધા હોય તેને આધારે જો કહેવામાં આવે તો તે દિલથી સ્વીકારવા તૈયાર થશે. કારણ કે ધર્મને જેટલો મન સાથે સંબંધ છે, તેના કરતાં દિલ સાથે વિશેષ સંબંધ છે. જેથી નૈતિક મૂલ્યોનું શિક્ષણ શાળા-કોલેજોમાં અપાવું જોઇએ, આ નૈતિક મૂલ્યોનું શિક્ષણ એ જ ધર્મનું શિક્ષણ. બીજી રીતે વિચારતાં ધર્મ એટલે ફરજ, કર્તવ્ય. તો કર્તવ્ય કવું અને શા માટે ? તે શીખવવું આજના સમયમાં વદારે જરૂરી લાગે છે. વ્યક્તિના વર્તન-વ્યવહાર કેવા હોવા જોઇએ, કે જેથી તેના વિકાસની સાથે સમાજ અને રાષ્ટ્રનો પણ વિકાસ થાય? કેટલાક ભારતીય ચિંતકોના ધર્મ માટેના અભિપ્રાયો જોઇએ તો વિનોબાજીએ કહેલું કે, ધર્મનું સત્ત્વ એટલે જ ચારિત્ર્ય ઘડતર. ડૉ.રાધાકૃષ્ણને જીવનમાં, રાજકારણમાં, કેળવણીમાં ધાર્મિક શિક્ષણની તરફેણ કરેલી. તેમના મતે ધાર્મિક કેળવણીનો ઉદ્દેશ કોઇ સંપ્રદાયનું શિક્ષણ નથી. સંપ્રદાયની ધાર્મિક માન્યતાઓના શિક્ષણને તેઓ ધાર્મિકિ શિક્ષણ માનતા નથી. તેઓ નૈતિક મૂલ્યો અને આધ્યાત્મિક મૂલ્યોની ખિલવણીને ધાર્મિક શિક્ષણ ગણે છે. ગાંધીજી માનતા હતા કે વિદ્યાર્થીઓ ધર્મની સાચી સમજ મેળવે અને તેનું પરિશીલન કરે. ધાર્મિક કેળવણી પ્રત્યેનાં

આંખમિચામણાં કે તેની અવગણના સમાજ અને રાષ્ટ્ર માટે હાનિકારક નીવડશે. માટે જ તેમણે કહેલું કે, હિંદે જો આધ્યાત્મિક દેવાળું કાઢવું ન હોય તો તેના યુવકોને ધાર્મિક કેળવણી આપવાનું દુન્યવી કેળવણી આપવા જેટલું જ આવશ્યક ગનાવું જોઈએ. ભારત સરકારે ઓગસ્ટ ૧૯૫૯માં ધાર્મિક શિક્ષણ અંગે એક સમિતિની નિમણૂંક કરી હતી. આ સમિતિએ ભલામણ કરી હતી કે, સામાજિક જીવનમાં શિથિલતા આવવાનું એકમાત્ર કારણ એ છે કે આપણે ધર્મને ભૂલી રહ્યાં છીએ અને તેના નિયમોનું પાલન સારી રીતે નથી કરતા. આમ સમિતિએ પણ ધાર્મિક શિક્ષણનો સ્વીકાર કરેલો. પશ્ચિમી ચિંતકોના વિચારો ટૂંકમાં જોઈએ તો, રોસ શિક્ષણને ધર્મ પર આધારિત બનાવવાનું કહે છે, જ્યારે ડબલ્યુફિક્સ ધર્મ વગરના શિક્ષણને અધુરું માને છે, રાયબર્ન શાળાઓની યોજનાઓ-પરંપરાને સફળ બનાવવા માટે ધર્મને ।।વશ્યક ગણે છે, તો વ્હાઇટહેડ જેવા ચિંતકના મતે ધર્મ વિના વ્યક્તિ કઠોર અને સ્વાર્થી બને છે.

આજે વિજ્ઞાનના કારણે માનવ માનવથી નજીક આવ્યો છે, પરંતુ તેમના દિલ નજીક આવ્યા ચે ? તેમની વચ્ચે આત્મીયતા ઊભી થઈ છે? આજે એક વ્યર્કિતને બીજા વ્યક્તિ પર શ્રદ્ધા-વિશ્વાસ રહ્યાં નથી. જો માનવને માનવ સાથે દિલથી જોડવો હશે તો શાળા-કોલેજોમાં ધાર્મિક શિક્ષણના પાઠ નાનપણથી જ શીખવવા પડશે. પોતાની જરૂરિયાત સંતોષાય એટલું જ પૂરતું નથી, બીજાની જરૂરિયાત પણ સંતોષાવી જોઈએ. સાચી લોકશાહીના પાઠ સંસદ કે બંધારણ દ્વારા નહીં શીખવી શકાય, તે માટે લાગણીસભર નીતિ અને સદાચારનું શિક્ષણ આપવું પડે, જે કામ ધર્મ-કર્તવ્યપરાયતાને આધારે કરી શકાશે. આજે શાળા-કોલેજોમાં વિવિધ વિષયોનું માત્ર જ્ઞાનાત્મક શિક્ષણ આપવામાં આવે છે, પણ નીતિ-સદાચાર જેવાં મૂલ્યોને ભૂલી ગયા છીએ. બાળક પણ બિચારા જેવું જુએ, સાંભળે અને અનુભવે તેવું જ શીખે ને ! આજે બાળકને ઘર, શાળા, સમાજ કે પ્રચાર માધ્યમો દ્વારા શું જોવા મળે છે ? કેટલા પ્રમાણમાં ? તેને જેટલી સારી બાબતોનો અનુભવ થાય છે કે સંભળાય છે તેના કરતાં તેને ખરાબ બાબતો વધારે સાંભળવા અને જોવા મળે છે. તે જોઈને કે સાંભળીને બાળક શું શીખશે ? માટે જ હવે “ઓલ્ડ ઈઝ ગોલ્ડ” માનીને શિક્ષણમાં અનુભવને આધારે કેટલીક બાબતોમાં ભૂતકાળ તરફ નજર દોડાવવાનો સમય પાકી ગયો છે. જો અત્યારે નહીં કરીએ તો સમય વિત્યા પછી પાછા ફરવામાં ખૂબ જ મુશ્કેલીનો સામનો કરવો પડશે, વધારે મહેનત કે વ્યૂહરચનાના અંતે પણ ધાર્યું પરિણામ નહીં જ મળે. અહીં કર્ણાટક સરકારને અભિનંદન આપવાનું કેમ ચૂકાય ? કારણકે, ગીતાના પાઠને શિક્ષણના એક ભાગ તરીકે સ્વીકારેલ છે. કણાટક સરકારની દલીલ હતી કે, મેનજમેન્ટમાં ગીતા પર અધ્યયન થતું હોય અને તેના સિદ્ધામતો સ્વીકારાતા હોય તો શાળા શિક્ષણમાં તેનો સમાવેશ કેમ ન કરવો. જે સરકારે અંતે એક પ્રશ્ન, ગરીબ અને અમીર માણસો વચ્ચે શું તફાવત છે? જવાબ છે, ગરીબ લોકો  મંદિરની બહાર ભીખ માંગે છે, અને અમીર લોકો મંદિરની અંદર ભીખ માંગે છે.

**dr.ashokpatel@in.com**